## કન્સલ્ટિંગ રૂમ

# વાંચવા - લખવામાં તકલીફની બીમારી - ડિસલેક્સિયા

**બાળઉછેરની કેડી**
**ડૉ. એન. સી. જોષી**

આઠ વર્ષના પોતાના પુત્રને લઈને માતા-પિતા ડૉક્ટર પાસે આવ્યા. તેમના પુત્રની શાળામાંથી એવી ફરિયાદ આવ્યા કરતી કે તે છોકરાને વાંચવા તેમજ લખવામાં તેને તકલીફ પડતી. બાકી બીજી બધી રીતે તેનામાં કોઈ જ કમી નહોતી. સમજ સારી હતી, ભણવામાં પણ સારો હતો, સામાન્ય જ્ઞાન પણ સારું હતું.

આ છોકરાની આંખો તથા કાન તપાસ્યાં. કોઈ જ ખામી નહોતી. જન્મતી વખતનું તેના શરીરનું વજન પણ, સાડા ત્રણ કિલો જેટલું હતું. જન્મ પછી આઠમા અઠવાડિયાથી તે સ્મિત પણ ફરકાવતો, આઠમા મહિનાથી બેસવા પણ લાગેલો. ઉપરાંત તેને કોઈ બોલાવે તો સરખો પ્રતિભાવ પણ આપે છે. આમ તેનો વિકાસ નૉર્મલ રહ્યો હતો.

પરંતુ શાળામાં વાંચતી વખતે એક એક છૂટાછવાયા શબ્દોમાં ગોથાં ખાઈ જતો. દા.ત. bad (બૅડ)ને તે dad (ડૅડ) વાંચતો, Sign (સાઈન)ને બદલે Sing (સીંગ), was (વૉઝ)ને બદલે saw (સો), bust (બસ્ટ)ને બદલે dust (ડસ્ટ) અને on (ઓન)ને બદલે no (નો) વાંચતો. લખવામાં પણ આ જ પ્રકારની ભૂલો કરતો. જેને લીધે પરીક્ષામાં તેને માર્ક્સ કપાઈ જતા.

આથી ડૉક્ટરે નિદાન કર્યું કે આ છોકરાને ડિસલેક્સિયાની બીમારી છે. જે તેના મગજની શીખવાની કેટલીક ખામી લઈને હતી. છોકરાના માતા-પિતાને ચિંતા રહેતી કે આ છોકરો ભવિષ્યમાં પોતાની આવી કમીને લઈને નિષ્ફળ જશે. આથી ડૉક્ટરે તેમને ખાતરી આપી કે આ ખામીને અને નિષ્ફળતાને ખાસ કંઈ લાગતુંવળગતું હોતું નથી. અનેક મહાન માણસોમાં પણ આવી કમી જોવા મળી છે. દા.ત. સ્ટીવન સ્પીલબર્ગ અમેરિકન ફિલ્મ ડાયરેક્ટર, પ્રોડ્યુસર તેમ જ સ્ક્રીન રાઈટર, સ્ટીવ જોબ્સ, એપલના સીઈઓ., આલ્બર્ટ આઈનસ્ટાઈન મહાન વિજ્ઞાની, હેન્રી ફોર્ડ - ફોર્ડ ગાડીઓ બનાવનાર કંપનીના સ્થાપક. અગત્યનું એ છે કે આવાં બાળકોને જો વહેલાં ઓળખી શકાય તો તેમને વહેલી તકે તાલીમ આપી લગભગ નોર્મલ બનાવી શકાય. આના માટે દવા નહિ સાયકોથેરાપિસ્ટ જેવા નિષ્ણાતોની મદદ લઈ વૈજ્ઞાનિક રીતે તાલીમ આપી સુધાર લાવી શકાય છે.

અહીં એ વાતનું ધ્યાન રાખવું જરૂરી બને છે કે આવાં બાળકોને કોઈનો પણ સહારો ન મળે તો તેઓ જાતે નિષ્ફળતાપૂર્વક પ્રયાસ કરીને થાકે છે. હારે છે અને પછી મૂંઝાય છે, પડી ભાંગે છે અને પોતાના વિશે નબળો અભિપ્રાય બાંધી લે છે જે તેમના માટે હાનિકારક હોય છે.

ત્રણ વર્ષથી લઈને ૨૧ વર્ષ સુધીના લોકોમાં ૨૦ લાખથી પણ વધુ લોકોમાં આ કમી યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશને ઓળખી છે. આમાં વધુ તો આનુવંશિક કારણોસર હોય છે, ભાઈ-બહેનમાં ૪૦ ટકામાં બન્નેમાં વધતે ઓછે અંશે જોવા મળે છે. ૪૯ ટકા બાળકોના માતા-પિતામાંથી કોઈને પણ આવું હોય છે. કાઉન્સેલરો આવા કિસ્સાઓ સારાં કરવામાં ખૂબ જ મદદકારક બની શકે છે.

**- બકુલેશ આર. ઠક્કર**

## માઇન્ડ કૅર ઍન્ડ મૅનેજમેન્ટ કેસ સ્ટડી-૨૨

# બાયપોલાર ડિસઑર્ડર વિશે જાણો

**મેહુલકુમાર દવે**
(ન્યુરો સાયકોથેરાપિસ્ટ)

બાયપોલાર ડિસઑર્ડરમાં વારંવાર મૂડમાં બદલાવ કે ભાવનાઓમાં ઉછાળો અને અત્યંત હતાશાનો અનુભવ વારંવાર થાય છે. આ ડિસઑર્ડરને 'મેનિક ડિપ્રેશન' તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યારે વ્યક્તિ આ પરિસ્થિતિમાં હોય ત્યારે દુઃખી અને હતાશ રહે છે તથા તેને કોઈ કાર્યમાં અભિરુચિ રહેતી નથી. જે સમયે વ્યક્તિના મૂડમાં એક દિશામાં ઉછાળો આવેલો હોય ત્યારે અત્યંત આનંદ અને કાર્યશક્તિ દર્શાવે છે. જે ફક્ત કેટલાક સમય પૂરતો મર્યાદિત રહે છે. મૂડમાં બદલાવ વર્ષમાં કે અઠવાડિયામાં ફક્ત કેટલીક્વાર અથવા વારંવાર જોવા મળે છે.

**લક્ષણો-**

બાયપોલાર ડિસઑર્ડરના વિવિધ પ્રકારો છે જેનાં ચોક્કસ લક્ષણો વ્યક્તિગત રીતે અલગ જોવા મળે છે.

(૧) બાયપોલાર વન ડિસઑર્ડર- જેમાં પીડિત વ્યક્તિને ઓછામાં ઓછો એક મેનિક એપિસોડનો અનુભવ થવો જોઈએ. આ મેનિક એપિસોડ પછી મિશ્ર અથવા તીવ્ર હતાશાના હુમલા આવે છે. આ લક્ષણો વ્યક્તિના દૈનિક જીવનમાં નોંધપાત્ર નુકસાન પહોંચાડે છે.

(૨) બાયપોલાર ટુ ડિસઑર્ડર- પીડિત વ્યક્તિને હતાશાનો એક તીવ્ર હુમલો આવતો હોય છે જેની અસર બે અઠવાડિયાં સુધી રહે છે અને મિશ્ર હુમલો આવે તો તેની અસર ઓછામાં ઓછા ચાર દિવસ સુધી રહેતી જણાય છે. તીવ્ર હતાશાના હુમલામાં પીડિત વ્યક્તિના વર્તન અને મૂડમાં અણધાર્યા બદલાવ જોવા મળતા હોય છે.

(૩) સાયક્લોથાયમિક ડિસઑર્ડર - પીડિત વ્યક્તિને ઓછામાં ઓછાં બે વર્ષ સુધી તથા બાળકો અને કિશોરોમાં એક વર્ષ સુધી સંખ્યાબંધ મિશ્ર હતાશાનાં ચિહ્નો જોવા મળે છે.

બાયપોલાર ડિસઓર્ડર અત્યંત તીવ્ર પ્રકારનો અને જોખમી હોય છે. જ્યારે બાયપોલાર ટુ ડિસઓર્ડરમાં લાંબા સમય સુધી હતાશાનો અનુભવ કરાવે છે.

**ચિહ્નો -**

વ્યગ્રતા - સતત ચિંતા, માનસિક તાણ તથા બેચેની અને એકાગ્રતામાં અધોગતિનો અહેસાસ થાય છે.

ઉદાસી - જીવનમાં નિરસતા તથા કોઈ પણ કાર્ય કરવાની ઇચ્છા ન થવી.

અસંવેદનશીલતા - વાતાવરણ તરફ કોઈ પ્રતિક્રિયા ન આપવી. શરીરને અસાધારણ સ્થિતિમાં રાખવું તથા કોઈ સાથે વાતચીત ન કરવી.

ઋતુ મુજબ મેનિક એપિસોડ તેમ જ તીવ્ર હતાશાનો હુમલો આવવો.

મનોવિકૃતિ - વારંવાર હતાશાના હુમલા આવવાથી પીડિત વ્યક્તિ વાસ્તવિક્તાથી અળગી બને છે જેમાં ધારણાઓ અને કોઈક વસ્તુઓ જોવાનો અથવા અવાજ સાંભળવાનો અનુભવ કરવા લાગે છે. જે હકીકતમાં હોતો નથી.

**કારણો -**

બાયપોલાર ડિસઓર્ડરનાં ચોક્કસ કારણો જાણી શકાયા નથી, પરંતુ નીચે મુજબના કેટલાંક પરિબળો જવાબદાર હોઈ શકે છે.

(૧) જૈવિક તફાવત - બાયપોલાર ડિસઓર્ડરથી પીડિત વ્યક્તિઓના મગજનાં બંધારણમાં કેટલાક ફેરફારો જોવા મળે છે કે આ પરિસ્થિતિ માટે જવાબદાર બની શકે છે.

(૨) ન્યૂરોટ્રાન્સમીટર્સ- મગજના રાસાયણિક પદાર્થ જેને ન્યૂરોટ્રાન્સમીટર્સ તરીકે ઓળખાય છે જેમાં અસંતુલન થવાથી બાયપોલાર અને મૂડ ડિસઓર્ડર્સ થઈ શકે છે.

(૩) વારસાગત લક્ષણો :- જે વ્યક્તિના ભાઈ-બહેન, માતા-પિતા અથવા નજીકના સંબંધીઓમાંથી કોઈને બાયપોલાર ડિસઓર્ડર હોય તો તે વ્યક્તિને આ ડિસઓર્ડર થવાની સંભાવના પ્રબળ બને છે.

પ્રીતમની ઉંમર ૩૯ વર્ષની છે. જ્યારે તેમણે 'માઈન્ડ કેર ટીમ'ની મુલાકાત લીધી ત્યારે સૌપ્રથમ તેમની વિસ્તૃત કેસ હિસ્ટ્રી લેવામાં આવી સાથે જ તેમના તબીબી રિપોર્ટ્સનું અધ્યયન કરતાં જણાયું કે પ્રીતમ બાયપોલાર ટુ ડિસઓર્ડરથી ત્રણ વર્ષથી પીડાય છે. તેમને તીવ્ર હતાશાનો હુમલો વર્ષમાં લગભગ પાંચ-છ વખત આવે છે તેમજ મિશ્ર હુમલો આઠથી નવ વખત આવતો હોય છે જેના પરિણામ સ્વરૂપ અનિદ્રા, સ્વભાવમાં બિનજરૂરી ગુસ્સો અને ચીડિયાપણું જોવા મળે છે. કોઈ પણ કાર્યમાં રુચિ રહેતી નથી તથા આનંદ પણ મળતો નથી. પ્રીતમની એકાગ્રતા પણ ખૂબ જ ઓછી થઈ ગઈ છે. તેમ જ વ્યાવસાયિક અને સામાજિક જીવન પણ છિન્નભિન્ન થઈ ગયું છે. તેમની વ્યક્તિગત કેસ હિસ્ટ્રીથી એ પણ જાણવા મળ્યું કે તેમના પિતા પણ કેટલાંક વર્ષો સુધી આવી પરિસ્થિતિમાં હતા જેથી કારણ વારસાગત હોઈ શકે.

પ્રીતમને હેમોએન્સેફેલોગ્રાફી (એચઈજી) ન્યૂરોફિડબૅક અને લો લેવલ લેઝર થેરાપી (એલએલએલટી)ના સેશન્સ આપવાના શરૂ કરવામાં આવ્યા. સાથે જ કાઉન્સેલિંગ પણ કરવામાં આવ્યું. તેમના દૈનિક આહારમાં પૌષ્ટિક વસ્તુઓનું સેવન કરવાનું સૂચવવામાં આવ્યું. તેમના પરિવારના સભ્યોને પણ હકારાત્મક વાતાવરણ અને સહયોગ આપવા માટે માર્ગદર્શન કરવામાં આવ્યું.

લગભગ ચાર મહિનાના અંતે પ્રીતમની પરિસ્થિતિમાં ઘણાં પ્રત્યક્ષ બદલાવ જોઈ શકાતા હતાં, જેમાં તીવ્ર હતાશાનો હુમલો ફક્ત એક વખત આવેલો જેની અસર ફક્ત ચાર દિવસ માટે રહી.

હવે પ્રીતમનો સ્વભાવ પણ થોડો શાંત અને પ્રફુલ્લિત બન્યો. તેની એકાગ્રતામાં વધારો થયો અને અનિદ્રાની સમસ્યાનું પણ લગભગ નિરાકરણ થઈ ગયું. પ્રીતમ પહેલાની જેમ જ પોતાના વ્યાવસાયિક અને સામાજિક જીવનમાં પાછા ફરી સામાન્ય બનવા લાગ્યો અને દૈનિક કાર્યમાં પણ અભિરુચિ દર્શાવવા લાગ્યો. પરિવારજનો મુજબ પ્રીતમની પરિસ્થિતિમાં ૭૫ટકાનો સુધારો જણાયો હતો, જે હાલ સુધી જળવાયેલો છે અને પ્રગતિ પર છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો સિનિયર ન્યૂરોસાઇકોથેરાપિસ્ટ ખ્યાતિ કચેરિયા- ૮૬૫૫૪૯૦૬૭૧(સંપર્કનો સમય- સવારના ૧૧થી સાંજના ૬ વાગ્યા સુધી જ) અથવા મુલાકાત લો- www.mcarem.com

(નિષ્ણાત અને અનુભવી કાઉન્સેલિંગ ન્યૂરોસાઇકોથેરાપિસ્ટ મેહુલકુમાર દવે દ્વારા સ્થાપિત અને સંચાલિત 'માઈન્ડ કૅર ઍન્ડ મેનેજમેન્ટ ઍસોસિયેટ્સ પ્રા.લિ.)ના મનોચિકિત્સકો અને થેરાપિસ્ટ્સની ટીમ ટેક્નોલૉજી આધારિત વિવિધ થેરાપી દ્વારા મગજની બીમારીઓની સારવાર તથા માનસિક સ્વાસ્થ્યની જાગૃતિ માટે છેલ્લા અઢી વર્ષથી મુંબઈ અને દિલ્હીમાં સતત કાર્યરત છે.)

# તબીબી વિદ્યાર્થીઓ માટે ડાયાબિટીસ વિશે અનોખી સ્પર્ધા

ઇન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશનના આંકડા મુજબ ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો ડાયાબિટીસથી પીડાય છે. ૨૦૧૦માં આ આંકડો ૫.૦૮ કરોડ હતો. આથી આ બાબતે જાગૃતિ આણવી જરૂરી છે. ખાસ કરીને તબીબી વિદ્યાર્થીઓમાં, જેઓ આરોગ્ય ક્ષેત્રનું ભવિષ્ય છે. ગાડગે ડાયાબિટીસ સેન્ટર દ્વારા તબીબી વિદ્યાર્થીઓ માટે ' ડાયાબિટીસ વર્સસ વી' નામની સ્પર્ધા શરૂ થઇ છે. બીજી જાન્યુઆરીથી શરૂ થયેલી આ સ્પર્ધા ૧૦મી જાન્યુઆરી સુધી ચાલશે.

અગાઉ વરિષ્ઠ નાગરિકોમાં જ જોવા મળતી આ બીમારીનો ભોગ યુવાનો પણ બનવા લાગ્યા છે. આ સ્પર્ધા દ્વારા ડાયાબિટીસ અંગે જાગૃતિ આણવાનો અને સર્જનાત્મક વીડિયોના માધ્યમ દ્વારા ડાયાબિટીસ નાબૂદ કરવાનું લક્ષ્ય છે.

સ્પર્ધાના સહભાગીઓએ એક વીડિયો તૈયાર કરવાનો રહેશે જેમાં તેઓ સામાન્યજનને સમજી શકાય એવી રીતે તથા રસપ્રદ અને સર્જનાત્મક અભિગમ દ્વારા ડાયાબિટીસ વિશે અથવા તેના વિવિધ પાસાં વિશે માહિતી આપશે. આ વીડિયો વધુમાં વધુ ત્રણ મિનિટનો અને હિંદી ભાષામાં હોવો જોઇએ. એમડી, એમબીબીએસ, ડેન્ટલ, ફિઝિયોથેરપી, ડાયેટિશિયન, હોમિયોપથી, આયુર્વેદ સહિત તમામ ક્ષેત્રના વિદ્યાર્થી આ સ્પર્ધામાં સહભાગી થઇ શકે છે.

પ્રથમ વિજેતાને રૂપિયા ૧,૦૦,૦૦૦ અને દ્વિતીય વિજેતાને રૂપિયા ૫૦,૦૦૦નો ચેક આપવામાં આવશે. સહભાગીઓ વ્યક્તિગત અથવા ગ્રુપમાં પણ ભાગ લઇ શકે છે અને તેમણે યુટ્યુબ પર વીડિયો અપલોડ કરવાનો રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે http://www.diabetesversusswe.com વેબસાઇટ પર ઉપલબ્ધ ફોર્મ ભરવાનું રહેશે અને તેમની લિન્ક શેર કરવાની રહેશે.



ફેસબુક પર સૌથી વધુ લાઇક મેળવનારા વીડિયોને ૨૦,૦૦૦ રૂપિયાનો ચેક આપવામાં આવશે.

ડાયાબિટીસ વિશે માહિતી આપવામાં વિદ્યાર્થીઓ કેટલા સરળ અને સચોટ સંદેશાઓનો ઉપયોગ કરે છે તે ચકાસવામાં આવશે. બધા દરદીઓ ડાયાબિટીસની વિભાવના બરાબર સમજી શકતા ન હોવાથી ટેક્નોલૉજીના આ સમયમાં આવા વીડિયો તેમને મદદરૂપ નીવડશે એવું ડૉ. ગાડગેએ જણાવ્યું હતું જેમનો 'ડાયેટ ફૉર ડાયાબિટીસ ' વીડિયો થોડા જ દિવસમાં વાઇરલ થઇ ગયો હતો. આ સ્પર્ધા તબીબી વિદ્યાર્થીઓની દૃષ્ટિને વધુ વિસ્તૃત કરશે એવું પણ તેમણે ઉમેર્યું હતું.

# નોટબંધી બાબતે આરબીઆઇ અને બૅન્ક વડાઓને સંસદીય સમિતિએ સાણસામાં લીધા

મુંબઈ, તા. ૭ : સંસદીય ઉચ્ચ સ્તરીય કમિટીએ રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની ચલણી નોટ રદ કરવા (ડિમોનેટાઇઝેશન)ના નિર્ણય અને તેના અમલીકરણ બાબતે રિઝર્વ બૅન્કના ગવર્નર અને નાયબ ગવર્નરોને અણિયારા પ્રશ્ન કર્યા હતા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આરબીઆઈના અધિકારીઓ અને અગ્રણી બૅન્કના વડાઓ સંસદીય સમિતિના મોટા ભાગના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપી શક્યા નથી. જ્યારે બૅન્કના કૌભાંડ અંગે બૅન્કોએ તેને માત્ર આંશિક સડારૂપે ગણવા વિનંતી કરી હતી. મુખ્યત્વે નવી નોટની ઉપલબ્ધતામાં વિલંબની પણ ચિંતા વ્યક્ત કરી હતી.

ગવર્નર ઊર્જિત પટેલ, નાયબ ગવર્નર એન. એસ. વિશ્વનાથ અને આર.ગાંધી સાથે એસબીઆઈના અધ્યક્ષ અરુંધતી રૉય અને આઇસીઆઈસીઆઈના વડા ચંદા કોચર આ બેઠકમાં સંસદીય સમિતિના તીખા પ્રશ્નોથી ઘવાયા હતા. સમિતિના સભ્યે ખાનગીમાં જણાવ્યું હતું કે આ બેઠકની ચર્ચા ચોક્કસપણે વિરોધાભાસી છતાં રચનાત્મક રહી હતી.

આ પ્રક્રિયા હેઠળ હવે સંસદની નાણાં સમિતિ અને જાહેર એકાઉન્ટ સમિતિ પણ બૅન્કિંગ વડાઓની ઊલટતપાસ લેશે.

સમિતિએ મુખ્યત્વે રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની જૂની નોટ સાગમટે રદ કરવાના નિર્ણયના સમયે નવી નોટ છાપીને વિતરણ કરવાની મહાકાય સમસ્યા માટેની પૂર્વતૈયારીમાં નિષ્ફળતા અને બૅન્ક કૌભાંડો સાથે નાગરિકોની સખત હાલાકી બાબતે રોષ વ્યક્ત કર્યો હતો. જેની સામે નાણાં ક્ષેત્રના તમામ અગ્રણીઓ લગભગ નિરુત્તર બની ગયા હતા.

આરબીઆઇના નાયબ ગવર્નરે સમિતિને વિનવણીના સ્વરે જણાવ્યું હતું કે 'મહેરબાની કરીને ડિમોનેટાઇઝેશન પ્રક્રિયાને નિષ્ફળતા તરીકે ગણશો નહીં.'

સમિતિએ ડિમોનેટાઇઝેશનની યોજનાના નિર્ણય અને તેના આયોજન બાબતે સ્પષ્ટતા માગી હતી. જેનો જવાબ ઊર્જિત પટેલ આપી શક્યા નહોતા. સમિતિના એક સભ્યે પ્રશ્ન કર્યો હતો કે 'આ નિર્ણયની અત્યંત મહત્ત્વપૂર્ણ વિગતોની કેમ તમને જાણ કરાઈ નહોતી?'

સમિતિએ આરબીઆઈની સ્વતંત્ર નિર્ણયની સત્તા અંગે પ્રશ્ન કરતાં જણાવ્યું હતું કે 'તાજેતરમાં નાણાપ્રધાન અરુણ જેટલીએ જાહેર કર્યું હતું કે 'રદ થયેલ તમામ નોટની રકમ જેટલી નવી નોટ છપાશે નહીં' સભ્યોએ પૂછ્યું હતું કે 'આ નિર્ણયની સત્તા તમારી છે કે નાણાપ્રધાનની?' જેનો અસ્પષ્ટ જવાબ આપતાં આરબીઆઈના વડાએ જણાવ્યું કે 'આપ જેટલીની જાહેરાતને બીજી રીતે જુઓ છો.'

આ બેઠકમાં લોકોની મુશ્કેલીઓ દૂર કરવા બાબતે સમિતિએ ખાસ આયોજન કરવામાં આરબીઆઈ અને બૅન્કોની સખત ઝાટકણી કાઢી હતી.

અગ્રણી બૅન્કોના અધિકારીઓને નવી નોટનાં કૌભાંડો બાબતે સમિતિએ અનેક પ્રશ્ન કર્યા હતા. જ્યારે અંદાજે રૂા. ૩ લાખ કરોડ જેટલાં કાળાં નાણાં પુનઃ ચૅનલમાં આવવા બાબતે સમિતિએ રોષ વ્યક્ત કર્યો હતો.

# ૨૫ પોલીસ સ્ટેશનોનાં લોકઅપમાં સીસીટીવી કૅમેરા

## કસ્ટડીમાં થનારાં મૃત્યુ સામે સરકાર કડક બની

મુંબઈ, તા. ૭ : પોલીસ કસ્ટડીમાંના આરોપી ઉપર બારીક નજર રાખવા માટે રાજ્ય સરકારે સીસીટીવી કૅમેરા લગાવવાનો નિર્ણય કર્યો છે. મુંબઈના અતિસંવેદનશીલ ૨૫ પોલીસ સ્ટેશનના લોકઅપમાં સીસીટીવી કૅમેરા લગાવાશે. આ માટે ૨.૭૫ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. આ સંબંધે શુક્રવારે આદેશ જારી કરાયો હતો.

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ તથા અન્ય રાજ્યો સંબંધિત ફાઇલ કરાયેલ ક્રિમિનલ રિટ પિટિશન માટે સુનાવણી કરતાં ૨૪ જુલાઈ ૨૦૧૫ના રોજ અતિસંવેદનશીલ પોલીસ સ્ટેશનમાં કૅમેરા લગાવવાનો આદેશ આપ્યો હતો. આ જ રીતે બૉમ્બે હાઈ કોર્ટે પણ આદેશ આપ્યા છે. આદેશના અમલ મુજબ પોલીસ સ્ટેશનના ગલિયારો અને લોકઅપમાં સીસીટીવી કૅમેરા લગાવાશે.

પોલીસ લોકઅપમાં આરોપીઓ દ્વારા આત્મહત્યા કરવાના ઘણા કિસ્સા સામે આવ્યા છે. કેદીઓમાં મારપીટ, પોલીસ કસ્ટડીમાં રહીને આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરીને અપરાધિક ગતિવિધિ ચાલુ રાખવી અને પોલીસ દ્વારા રંજાડવામાં આવતાં આરોપીના મૃત્યુ થયાના આરોપ પણ લાગ્યા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખતા આરોપીઓ ઉપર નજર રાખવા માટે સીસીટીવી કૅમેરાના માધ્યમથી તેમના ઉપર નજર રખાશે.

જે પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કૅમેરા લાગશે તેમાં કોલાબા, માતા રમાબાઈ આંબેડકર (એમઆરએ), કાલાચોકી, રફી અહમદ કિડવાઈ (આરએકે), વિઠ્ઠલભાઈ પટેલ (વીપી) રોડ, વડાલા, દાદા સાહેબ ભડકમકર (ડીબી) રોડ, વર્લી, નાગપાડા, માહિમ, કુર્લા, ચેમ્બુર, નહેરુ નગર, ઘાટકોપર, વિક્રોલી, વાકોલા, મલાડ, માલવણી, દિંડોશી, દહિસર, મહારાષ્ટ્ર ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન, (એમઆઈડીસી), પવઈ, જુહુ, સાંતાક્રુઝ અને બાંદ્રા-કુર્લા પોલીસ સ્ટેશનનો સમાવેશ છે.

# રૅશનની દુકાનોમાં હવે ક્રેડિટ-ડેબિટ કાર્ડથી ખરીદી

## મહારાષ્ટ્રમાં રૅશનની દુકાનમાં ક્રેડિટ-ડેબિટ કાર્ડ વડે ખરીદી થઈ શકશે





મુંબઈ, તા. ૭ : મહારાષ્ટ્રમાં આવેલી આશરે ૫૧,૦૦૦ રૅશનની દુકાનોમાં 'પૉઇન્ટ ઑફ સેલ' અર્થાત્ પોશ મશીન પ્રણાલી બેસાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેથી નાગરિકો ક્રેડિટ અને ડેબિટ કાર્ડ વડે ખરીદી કરી શકશે.

મહારાષ્ટ્રના નાગરિક પુરવઠા ખાતાના પ્રધાન ગિરીશ બાપટે જણાવ્યું હતું કે આ પ્રણાલી મારફતે નાગરિકોને કૅશલેસ વ્યવહારોની સુવિધા પૂરી પાડવામાં આવશે. રૅશનની દુકાનોમાં ભ્રષ્ટાચારને ડામવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. રૅશનની દુકાનમાં અપાતું અનાજ પાત્ર નાગરિક ખરીદે છે કે કેમ તે તપાસવા માટે આ પહેલા કોઇ પણ યંત્રણા મહારાષ્ટ્ર સરકાર પાસે ઉપલબ્ધ નહોતી. પોશ એ બાયોમેટ્રિક મશીન પ્રણાલી કાર્યરત થાય પછી તે રૅશનનું દુકાનનું અનાજ પાત્ર વ્યક્તિ કે પરિવારોની પાસે જાય છે કે કેમ તેની વિગતો જાણવા મળશે. પોશ મશીનમાં રૅશન કાર્ડધારકના પરિવારજનોનો આધાર કાર્ડનો નંબર લિન્કઅપ કરવામાં આવશે. ત્યાર પછી પોશ મશીનમાં પણ રૅશન કાર્ડ નંબર નોંધવામાં આવશે એમ બાપટે ઉમેર્યું હતું.

# મુંબઈમાં ૧૨૦૦ સ્થળે મળશે મફત વાઇફાઇ : ૧૨૫ કરોડના ખર્ચે તૈયાર થઈ છે યોજના

મુંબઈ, તા. ૭ઃ મુંબઈને ભારતનું પ્રથમ વાઇફાઇ શહેર બનાવવાની રાજ્ય સરકારની પ્રથમ તબક્કાની યોજના તૈયાર છે અને મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે તે રજૂ કરાશે.

શહેરમાં ૧૨૦૦ સ્થળોએ એમટીએનએલના નેટવર્ક દ્વારા વાયરલેસ ઇન્ટરનેટ એક્સેસ પૂરી પાડવાની આ પ્રોજેક્ટની ધારણા છે. તે ૨.૫ એમપીબીએસની સમકક્ષ ૨૦ એમપીબીએસ (મૅગાબાઇટ્સ પ્રતિ સેકન્ડ) સુધીની સ્પીડ ઑફર કરશે.

પહેલા તબક્કામાં ૫૦૦ સ્થળોએ વાઈફાઈ ઉપલબ્ધ થશે જેમાં ગેટવે ઑફ ઇન્ડિયા અને ગિરગાંવ ચોપાટી જેવા મુખ્ય વિસ્તારને આવરી લેવામાં આવ્યા છે.

આ યોજનામાં પ્રથમ વન જીબી ડેટા અથવા પ્રથમ ૩૦ મિનિટનો વપરાશ-આ બેમાંથી જે પહેલું હોય તે વિનામૂલ્ય હશે. ત્યાર બાદ સ્પર્ધાત્મક ભાવે ચાર્જ ચૂકવવો પડશે. શરૂઆત પૂર્વેની ચકાસણી થઈ ગઈ છે. હવે માત્ર તેની શરૂઆતની તારીખ જ નક્કી કરવાની બાકી છે.

રાજ્યને દરેક એક્સેસ પૉઇન્ટનો ખર્ચ લગભગ ૨.૫ લાખ રૂપિયાનો હશે. તે મુજબ બધા જ એક્સેસ પૉઇન્ટનો મળીને કુલ રૂા. ૧૨૫ કરોડનો ખર્ચ થશે.

### નાશિકમાં ૮૦૦ દુકાનો, કારખાનાં જમીનદોસ્ત

નાશિક, તા. ૭ : નાશિક મહાપાલિકાએ આજે શહેરમાં ગેરકાયદે બાંધકામો પર હાથ ધરેલી કાર્યવાહીમાં ૮૦૦ જેટલી દુકાનો અને કારખાનાઓને જમીનદોસ્ત કરી દીધા હતા. મહાપાલિકાના ઇતિહાસમાં આ સૌથી મોટી કાર્યવાહી માનવામાં આવે છે.

છેલ્લા ૧૭ વર્ષથી ૧૦૦ એકર જમીનમાં આ દુકાનો ઊભી થઈ હતી. તેમને હટાવવા વારંવાર નોટીસ આપવા છતાંય કોઈ હટવા તૈયાર નહોતું.

# ગિરનારના લલાટે તિલક કરવા આજે યુવાધન સાહસિકતાનાં કરાવશે દર્શન

## ૧૬ જિલ્લાના ૧૨૯૫ સ્પર્ધકોમાં થનગનાટ

જૂનાગઢ, તા. ૭ઃ ગિરિવર ગિરનારને સર કરવા માટે આવતીકાલે વહેલી સવારે ભવનાથ તળેટી ખાતેથી યુવાધન દોટ મૂકશે. આ દૃશ્ય ઠંડીમાં પણ ગરમીનો અહેસાસ કરાવનાર બની રહેશે. તેમાં રાજ્યના ૧૬ જિલ્લાના ૧૨૯૫ સ્પર્ધકો જોડાશે.

ગિરનાર આરોહણ-અવરોહણની સાહસિક સ્પર્ધાનો 'ફૂલછાબ' દ્વારા ૧૯૭૧માં પ્રારંભ કરાયો હતો અને નવ વર્ષ એકલા હાથે સફળ સંચાલન કર્યું હતું. સાડાચાર દસકા પહેલાં સ્પર્ધારૂપ રોપેલ બીજ આજે વટવૃક્ષ બની ગયું છે. હવે આ સ્પર્ધાનું સંચાલન સરકાર દ્વારા કરાય છે.

આવતીકાલ તા. ૮ના રોજ ૩૨મી રાજ્યકક્ષાની ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધા યોજાનાર છે. સવારે ૬-૩૦ કલાકે સ્પર્ધાની પ્રથમ ટૂકડીને જિલ્લાના પ્રભારી મંત્રી ચીમનભાઇ સાપરિયા ફ્લેગ ઓફથી પ્રારંભ કરાવશે. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો અલગ- અલગ ટુકડીઓને રવાના કરશે.

# બજેટ પાછળ ઠેલવાની વિપક્ષી માગ બાદ સરકાર પાસે જવાબ મગાવતું ચૂંટણી પંચ

નવી દિલ્હી, તા. ૭ઃ સામાન્ય બજેટ રજૂ કરવાની તારીખ (૧ ફેબ્રુઆરી) ચૂંટણીથી નજીકની હોવા સામે વિપક્ષે વાંધો ઉઠાવતાં ચૂંટણી પંચે આ બાબતે સરકાર પાસેથી જવાબ માગ્યો છે. પંચે કેબિનેટ સચિવને પત્ર લખી તેમની ટિપ્પણી માગી છે. કેબિનેટ સચિવનો જવાબ મળ્યે પંચ આ બારામાં નિર્ણય કરશે એમ કહેવાય છે. એ નોંધનીય છે કે પંચ સરકારની વૈધાનિક કામગીરીમાં દખલ ન કરી શકે, તે માત્ર પોતાના મત અંગે સરકારને મનાવી શકે છે.

પાંચ રાજ્યોની ચૂંટણીઓની તારીખો જાહેર થયાના બીજા દિવસે વિપક્ષોએ એકઝુટ થઈને પંચ સમક્ષ રજૂઆત કરી કે બજેટ રજૂ કરવાની તારીખ પહેલી ફેબ્રુઆરી ચૂંટણીથી ઠીક નજીકની હોઈ તેને લંબાવાય. (ઉલ્લેખનીય છે કે યુપી, પંજાબ ગોવા, ઉત્તરાખંડ અને મણિપુરમાં તા. ચોથી ફેબ્રુઆરીથી (એટલે કે બજેટ રજૂઆત થવાના ૭૨ જ કલાક પહેલાં) શરૂ થનાર છે. ચૂંટણીના પરિણામો ય ૧૧ માર્ચે જાહેર થઈ જનાર છે. વિપક્ષોનું કહેવું છે કે બજેટને ચૂંટણી પરિણામો બાદ રજૂ કરવામાં આવે.

સરકારે એ મતલબથી આ નિર્ણય કર્યો છે કે બજેટને વહેલું રજૂ કરવામાં આવે તો તા. પહેલી એપ્રિલથી તેમાંના પ્રસ્તાવોને લાગુ કરી શકાય.

જન્મભૂમિ પ્રવાસી
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન

નામ : ______
સરનામું : ______
ફોન : ______

આ કૂપન લઈ આવનારને દાંતની દરેક પ્રકારની સારવાર આધુનિક મશીન દ્વારા રાહતના દરે અને દાંતનું ચૅકઅપ નિ:શુલ્ક

**જીવન જ્યોત ડ્રગ બૅન્ક**

**સમય : સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી. રવિવારે બંધ**

જી-૩, ગાંજાવાલા ટાવર, સાને ગુરુજી માર્ગ, સુમન જ્વેલર્સની પાછળ, તારદેવ, મુંબઈ-૩૪.
ફોન : ૨૩૫૨૩૭૧૫ /૨૩૫૨૯૦૪૭
મોબાઈલ : ૯૩૨૨૨ ૩૧૮૪૫
www.jivanjyotdrugbank.org
e-mail:jjdb08@gmail.com

જીવન જ્યોત ડ્રગ બૅન્ક રાજ્ય સરકારે ૩૫એસીની મંજૂરી આપી છે. દાનવીરોને ૧૦૦% કરરાહત મળશે.